| | | | | | |
|---|---|---|---|---|---|
| GJVD020033662026 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૧૨.૦૧.૨૦૨૬ | | |
| | | દાખલ તારીખ | ૧૨.૦૧.૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૨૦.૦૬.૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | – | ૦૫ | ૦૮ |

---

**મે. ૧૪માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.વડોદરા.**

---

**વારસા પરચુરણ અરજી નં.૯/૨૦૨૬**
**આંકઃ**

**અરજદારોઃ**

**૧. વિનોદ કંચનભાઇ માછી**
ઉ.વ.આ.૩૯, ધંધો–નોકરી
રહે. સી/૧૨, સમીર પાર્ક, પુનમ કોમ્પલેક્ષ પાછળ,
વાઘોડીયા–આજવા રોડ, વડોદરા–૩૯૦૦૧૯.

**૨. સીમાબેન આકાશભાઇ માછી**
**તે કંચનભાઇ માછીના પુત્રી**
ઉ.વ.આ.૪૦, ધંધો–ઘરકામ
રહે.સી.એચ/૨૫૪, હનુમાન ચોક, કિશનવાડી,
ગાયત્રી ચોક પાસે, આજવા રોડ, વડોદરા–૩૯૦૦૧૯.

**૩. ભાવનાબેન કલ્પેશભાઇ માછી**
**તે કંચનભાઇ માછીના પુત્રી**
ઉ.વ.આ.૪૨, ધંધો–નોકરી
રહે.સી/૫૩, સિધ્ધીવિનાયક સોસાયટી, શાસ્ત્રીનગર
પાસે, ન્યુ વી.આઇ.પી.રીંગ રોડ, વડોદરા–૩૯૦૦૧૯.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ** **બિન તકરારી**

---

**બાબતઃ ઈન્ડિયન સકસેશન એકટ, ૧૯૨૫ ની કલમ–૩૭૨ મુજબ સકસેશન સર્ટિફિકેટ મેળવવા અરજ**

---

**અરજદાર તરફેઃ** **વિ.વ.શ્રી પી.એમ.અડિયલ**

**સામાવાળા તરફેઃ** –

---

**<u>હુકમઃ</u>**

(૧) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

**<u>અરજી મુજબની મીલકતઃ</u>**

- અરજદારના મૈયત માતાશ્રી હંસાબેન કંચનભાઈ માછીનું અવસાન તા.૩૦.૦૮.૨૦૧૭ તથા મૈયત પિતાશ્રી કંચનભાઈ છોટુભાઈ માછીનું અવસાન તા.૨૦.૧૧.૨૦૧૩ ના રોજ થયેલ છે. મૈયત માતાશ્રી હંસાબેન કંચનભાઈ માછીના નામે તેમના અવસાન સમયે બેન્ક ઓફ બરોડા, મકરપુરા બ્રાન્ચ ખાતે બચત ખાતા (સેવિંગ એકાઉન્ટ) નં.૦૬૩૪૦૧૦૦૦૧૯૦૮૨ માં રૂ.૮,૮૦,૬૬૫.૪૯/– જમાં છે. તમામ રકમ કે જેને હવે પછી સદરહું મિલ્કત તરીકે સંબોધવામાં આવેલ છે.

**<u>અરજીની હકીકત</u>**

- સદરહું અરજદારોના મૈયત માતાશ્રી હંસાબેન કંચનભાઈ માછીનું અવસાન તા.૩૦.૦૮.૨૦૧૭ તથા મૈયત પિતાશ્રી કંચનભાઈ છોટુભાઈ માછીનું અવસાન તા.૨૦.૧૧.૨૦૧૩ ના રોજ થયેલ છે. અરજદારોના મૈયત માતા તથા પિતાશ્રી દ્વારા તેમની હયાતી દરમ્યાન કોઈપણ પ્રકારનું વિલ યાને વસીયતનામું બનાવેલ

નથી. એટલે કે તેઓ Intestate સ્થિતિમાં અવસાન પામેલ છે. તમામ અરજદારો મૈયત થયેલના કાયદેસરના સીધીલીટીના વારસદારો છે અને તે અંગેનું પેઢીનામું તૈયાર કરી વડોદરા ખાતે નોટરાઈઝ કરાવેલ છે જેમાં તમામ અરજદારો મૈયતના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવેલ છે અને મૈયતના અન્ય કોઈપણ કાયદેસરના વારસદાર બતાવવાના રહી જતા નથી જે આ પેઢીનામાં દ્વારા જાહેર કરેલ છે.

- પેઢીનામાં મુજબ મૈયત માતાશ્રીના અવસાન બાદ તેમના નામે બેંકના બચત ખાતામાં રહેલી સંબંધિત થાપણો ઉપર તમામ અરજદારો સિવાય અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈ હક્ક, હિસ્સો કે દાવો રહેલો નથી. તેથી બેંકના બચત ખાતામાં રહેલી રકમ અરજદારોના નામે ટ્રાન્સફર કરવાને માટે હક્કદાર ઠરાવવા સંબંધિત બેન્ક દ્વારા સકસેશન સર્ટિફિકેટ રજુ કરવાની ફરજીયાત શરત મુકવામાં આવેલ છે.
- તમામ અરજદારો પૈકી અરજદાર નં.૩ મૈયત માતાશ્રી તથા પિતાશ્રીના કાયદેસરના વારસદાર હોવા છતાં પોતાની સંપુર્ણ સમજણ અને સ્વેચ્છાથી મૈયતના નામે રહેલી બચત ખાતાને સંબંધિત તમામ નાણાંકીય થાપણ બાબતે પોતાનો હક્ક, હિસ્સો તથા દાવો અરજદાર નં.૧ વિનોદ કંચનભાઈ માછી તથા અરજદાર નં.૨ સીમાબેન આકાશભાઈ માછીના હિતમાં ત્યાગ કરી નોટરાઈઝ સોગંદનામાં પર સંમતિ આપેલ છે.
- આથી, મૈયત માતાશ્રીના બેંકના બચત ખાતામાં રહેલી સંબંધિત થાપણો અંગેના કાયદેસર હક્ક પ્રાપ્ત કરવા અને તે બચત ખાતાની થાપણો અરજદાર નં.૧ તથા ૨

ના નામે જ ટ્રાન્સફર કરવાને માટે હક્કદાર ઠરાવવા હાલની અરજ ઈન્ડિયન સકસેશન એકટ, ૧૯૨૫ ની કલમ–૩૭૨ મુજબ કરવામાં આવેલ છે.

- અરજદારો તરફે અનુક્રમે આંક – ૧૩, ૧૪ અને આંક–૧૫ થી સરતપાસનું સોગંદનામું રજુ કરી, પોતાની આંક – ૧ ની અરજીની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. સદર જુબાનીને સમર્થન કરવા સારૂં અરજદારો તરફે આંક – ૪ ના લીસ્ટથી નિ. ૪/૧ થી નિ.૪/૮ સુધી દસ્તાવેજો રજુ કરેલ છે. જેમાંથી નિ–૪/૩ થી નિ–૪/૬ ને અનુક્રમે આંક–૮ થી આંક–૧૧ આપવામાં આવેલ છે. તેમજ અરજદારો તરફે પેઢીનામું રજુ કરેલ છે.
- આમ, અરજદારોએ હાલની અરજી રજુ કરી અરજદારોના નામનું વારસા સર્ટીફીકેટ કાઢી આપવા માટે હુકમ કરવા અરજ ગુજારેલ છે. અરજદારો તરફે વિ.વ.શ્રીએ વારસાઇ પ્રમાણપત્ર અરજદાર નં.૧ અને ૨ ના નામે કાઢી આપવા હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૨) અરજદારોની ઉપરોકત વિગતેની અરજી પરત્વે અત્રેની કોર્ટ ધ્વારા અરજી અંગે બહોળી પ્રસિધ્ધી અર્થે દૈનિક સમાચાર પત્રમાં નોટીસ પ્રસિધ્ધ કરવા આંક– ૦૧ ની અરજી લગત હુકમ કરવામાં આવેલ. સદર હુકમના આધારે જાહેર નોટીસનો મુસદ્દો તૈયાર કરવામાં આવેલ, જે નોટીસ તા.૨૦.૦૧.૨૦૨૬ ના રોજનાં દૈનીક પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ, જે પેપરની એક નકલ આ અરજીનાં કામે માર્ક – ૫/૧ ના લીસ્ટથી આંક–૧૨ થી રેકર્ડ ઉપર સામેલ રાખેલ છે.

(૩) સદર કામે કોર્ટના હુકમ મુજબ ઉપરોકત વિગતેની દૈનિક પેપરમાં નોટીસ પ્રસિધ્ધ થયેલ હોવા છતાં કોઈપણ વ્યકિત, સંસ્થા,

ત્રાહીત વ્યકિતનો કોઇનો વાંધો કે તકરાર આજદિન સુધી અત્રેની કોર્ટમાં આવેલ નથી .

(૪) સદર કામે અરજદારોએ જણાવેલ છે કે, દૈનિક પેપરમાં નોટીસ છપાવેલ છે પરંતુ કોઇપણ પક્ષકાર નામદાર કોર્ટમાં પોતે કે વકીલ ધ્વારા હાજર થયેલ નથી અને સદર અરજી બાબતે વાંધો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર જણાવે છે કે, અત્રેની કોર્ટ સિવાય બીજી કોઈ જગ્યાએ આ બાબતની અરજી દાખલ કરેલ નથી. જેથી સદરહુ એકાઉન્ટ નંબરમાં પડેલ રકમ મેળવવા અરજદારો દ્બારા તેઓના નામનું વારસાઇ પ્રમાણપત્ર મેળવવા દાદ ગુજારેલ છે.

(૫) આમ, સદર કામે અરજદારોની ઉપરોકત સરતપાસ સોગંદનામાં સ્વરૂપેની જુબાની તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજોને અન્ય કોઈ ધ્વારા પડકારવામાં આવેલ નથી.આ સંજોગોમાં અરજદારોની જુબાનીને નહી માનવાને કોઈ કારણ રહેતું નથી. જેથી સદરહું કામે અરજદારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાથે સહમત થાઉ છુ. વધુમાં સદર કામે અરજદારો દ્બારા આંક–૧૦ થી મૈયત હંસાબેન કંચનભાઇ માછીનો દાખલો રજુ કરાયેલ છે. સદરહુ મરણ પ્રમાણપત્રનું સીધુ, સાદુ, અને સરળ વાંચન ધ્યાને લેવામાં આવે તો, સદર મરણનાં દાખલા અધિકૃત અધિકારીશ્રીની કચેરીમાં નોંધાયેલા હોવાનું અને અધિકૃત અધિકારી ધ્વારા ઇશ્યુ કરવામાં આવેલાનું જણાય છે તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પણ અરજદારોએ અરજીમાં જણાવેલ હકીકતને સમર્થન મળે છે. આમ, અરજદારોની અરજીની હકીકત, અરજદારોની સરતપાસ એફીડેવીટ સ્વરૂપેની જુબાની, રેકર્ડ પર રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં અરજદારો અરજીમાં જણાવ્યાં મુજબની હકીકત એટલે કે અરજદારો ધ્વારા અરજીમાં જણાવ્યા મુજબ અરજદારોના માતા તા.૩૦.૦૮.૨૦૧૭ ના રોજ ગુજરી ગયેલ હોઈ, તે સંજોગોમાં અરજદારોના નામે વારસાઇ સર્ટીફીકેટ મળવાપાત્ર હોવાનું આ અદાલત માને છે. અરજદારોની હાલની અરજી મંજુર કરવી યોગ્ય

અને ન્યાયોચિત જણાતી હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– <u>હુકમ</u> –**

**૧.** અરજદારોની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદારોના માતાનું અવસાન તા.૩૦.૦૮.૨૦૧૭ ના રોજ થયેલ હોઈ, મરણ જનાર મૈયત હંસાબેન કંચનભાઇ માછીના બેન્ક ઓફ બરોડા, મકરપુરા શાખામાં બચત ખાતા નં.૦૬૩૪૦૧૦૦૦૧૯૦૮૨ માં આવેલ રૂ.૮,૮૦,૬૬૫.૪૯/- પરત મેળવવા માટે વારસાઇ સર્ટીફીકેટ અરજદાર નં.૧ અને ૨ ની તરફેણમાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** અરજદારોએ નિયમાનુસાર કોર્ટ ફી સ્ટેમ્પ ભર્યા બાદ અરજદારોને તેમની અરજીમાં માંગ્યા મુજબનું વારસાઇ સર્ટીફીકેટ કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વડોદરા.
તા.૨૦.૦૬.૨૦૨૬

**(શૈલેષકુમાર ગણપતલાલ પરમાર)**
૧૪માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ
વડોદરા.
જજ કોડ નં. જીજે૦૧૧૪૬

*વી.એસ.રૂઈકર (ગુજ.સ્ટેનો)*